# જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૩૦ /૨૦૧૯

તા.૨૮/૧૨/૨૦૧૯

હું, આશીષ ભાટિયા, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી નવા વર્ષની ઉજવણી નિમિત્તે જાહેર વ્યવસ્થા જાળવવા અને વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૨/૨૦૧૯ અને તા.૦૧/૦૧/૨૦૨૦ વચ્ચેની રાત્રી દરમિયાન નવા વર્ષની ઉજવણી નિમીતે મોટી જનમેદની ભેગી થતી હોય છે. જેના નિયમન સારૂ તા.૩૧/૧૨/૨૦૧૯ ના કલાક ૧૮/૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૦ ના કલાક ૩/૦૦ સુધી નીચે મુજબના વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

**(1)** સી.જી.રોડના સ્ટેડીયમ સર્કલ થી પંચવટી સુધી ૩૧/૧૨/૨૦૧૯ ના સાંજ કલાક ૧૮.૦૦ થી અનિવાર્ય સંજોગો સિવાય તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ રાખવામાં આવે છે.

**<u>વૈકલ્પિક અવર જવરના રૂટ :</u>**

**(i)** સમથેશ્વર મહાદેવથી બોડીલાઇન ચાર રસ્તા, ગુલબાઇ ટેકરાથી બોડીલાઇન ચાર રસ્તા થઇ સમથેશ્વર મહાદેવ તરફ આમને સામને બંને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી તમામ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

**(ii)** મીઠાખળી સર્કલથી ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડ થી સ્વસ્તીક ચાર રસ્તા થઇ કોમર્સ છ રસ્તા આમને સામને બન્ને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરવાનો રહેશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી સદંતર વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

**(iii)** સી.જી.રોડ ઉપર આવેલ કાયદેસરની બન્ને બાજુ જે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવેલ છે તે પાર્કિંગ વ્યવસ્થા કલાક ૧૮.૦૦ થી બંધ રહેશે.

**(2)** એસ.જી.હાઇવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઇવે ઉપર ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ દરમિયાન વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના સરદાર પટેલ રીંગ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

**(3)** પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધીના એસ.જી.રોડ અને તેના સર્વિસ રોડ પર તા.૩૧/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૦ ના કલાક ૦૩.૦૦ સુધી વાહન પાર્કિંગ પર પણ પ્રતિબંધ રહેશે.

**(4)** નહેરૂનગર સર્કલ થી શિવરંજની થઇ ઇસ્કોન ચાર રસ્તા સુધીના રોડ પર ખાનગી લક્ઝરીના પાર્કિંગ પર પણ આ સમય દરમિયાન પ્રતિબંધ રહેશે.

**નોંધ** : ઉપરોક્ત પ્રતિબંધ દરમિયાન (તા.૩૧/૧૨/૨૦૧૯ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૦ ના કલાક ૩.૦૦ સુધી) વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના પેરેરલ (સમાતંર) રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામામાંથી તમામ પ્રકારના સરકારી વાહનો ફાયર બ્રિગ્રેડના વાહનો તેમજ એમ્યુલન્સનાં વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૧૨/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૧/૧૨/૨૦૧૯
અમદાવાદ શહેર

( આશીષ ભાટિયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર
(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :**

(૧) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.